

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નકલી સેનેટાઈઝરે 'સાવચેતી' ધોઈ નાખો!*
*ને મોંઘી સારવારે બચવાની આશા ખોઈ નાખો!*
*જોઈ નાખો 'આંકડા'માં આશાનો ગ્રાફ! લ્યો શ્વાસ -*
*નકલી ઈન્જેક્શન ખાઈને જીવ ખોઈ નાખો !*
*(અંધેર - અવ્યવસ્થા)*

**હાઈકુ**

*આવે છે ફરી -*
*પ્રજાને દબોચવા -*
*લોકડાઉન!!*
*(સસ્તી સારવાર)*

*ડૂબાડે નાવ*
*જો ખલાસી ખૂદ તો*
*બચાવે કોણ ?*
*(બંધબેસતી પહેરી લો)*

### ચિંતન

***ઈયુષ્ટે યે પૂર્વતરામ પશ્યન્વ્યુચ્છન્તીમુષસં મર્ત્યાસઃ ।***
***અસ્માભિરૂ નુ પ્રતિરક્ષ્યાભૂદો યે યન્તિ યે અપરીષ, પશ્યાન્ ॥***

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે**

**જે મનુષ્યો ઉષાકાળે ઊંઘમાંથી ઊઠીને પરમાત્માનું ધ્યાન કરે છે તેને ઈશ્વર બુદ્ધિશાળી અને ધાર્મિક બનાવે છે. જે સ્ત્રીપુરુષો પરમાત્માની સાક્ષીમાં મધુર સંબંધ જાળવી રાખે છે તેમને ભગવાન હંમેશા સુખી રાખે છે.**

**દીર્ઘદષ્ટિ અને બુદ્ધિમત્તાપૂર્વક મુશ્કેલીને ઉકેલવી હોય તો તેના માટે પ્રાતઃકાળનો સમય ઉત્તમ છે. થોડો સમય પ્રભુચિંતન કરવાથી જીવનલક્ષ્યની પ્રાપ્તિ માટે દિવ્યસંદેશ પ્રાપ્ત થાય છે. જે કોઈ દોષ દુર્ગુણો હોય છે તે દૂર થાય છે. તથા સદ્‌ગુણોની વૃત્તિ થાય છે. મનમાંથી દુષ્ટ વિચારો અને પાપભાવના દૂર થાય છે. પ્રાતઃકાળે પ્રકૃતિના સંસર્ગથી ઈશ્વરની સર્વવ્યાપક સત્તા સાથે સીધો સંબંધ સ્થપાય છે. અને મનમાં પવિત્ર, મધુર અને સુંદર વિચારો આવે છે.**

**મનુષ્ય સમગ્ર સ્ફૂર્તિ અને ઉલ્લાસની સાથે પોતાના દૈનિક કાર્યો કરતો રહીને સુખ અને યશ પ્રાપ્ત કરે છે.**

### સુવિચાર

- જો ચાહા વો મિલ જાના સફળતા હૈ.... જો મિલા હૈ ઉસકો ચાહના પ્રસન્નતા હૈ - **કેસરીસિંહ પાલ**
- કટોરતા એ કરવત છે, જે સંબંધને વહેરે છે, અને કોમળતા એ સોય છે, જે તૂટતા સંબંધને સાંધવાનું કામ કરે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- દુનિયા બદલવાની નથી તો પછી શું કામ બદલાઉં, એમ વિચારવું એ પરાજયની પ્રથમ સીડી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કુનેહ અને કોઠાસૂઝ એ કોઈ બુદ્ધિશાળીનો ઈજારો નથી - **કાંતિ ભટ્ટ**
- માણસમાં રહેલું દેવત્વ જ પ્રેમ, પરોપકાર, સહિષ્ણુતા અને શ્રદ્ધાનો દીપક પ્રગટાવે છે - **અખંડ આનંદ**
- શ્રદ્ધાહીન બનવાને બદલે આસ્થાવાદી બનશો, તો તમારું મન જ તમને ઉચિત માર્ગ દેખાડશે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : એક પાકું કેળું એક ચમચી ઘી સાથે સવાર-સાંજ ખાવાથી પ્રદર રોગ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એલેકઝાંડર ગ્રેહામ બેલના લગ્ન ૧૮૭૭ની સાલમાં માબેલ ગાર્ડિનર સાથે થયા. કમનસીબે ગાર્ડિનર બહેરી હતી. ગ્રેહામ બેલને તેમની સાથે સંકેતથી વાતચીત કરવી પડતી. એક વખત માબેલ સાથે સંકેતથી વાતચીત કરવામાં ગ્રેહામનું ધ્યાન માબેલના કાન તરફ ગયું. તેમને કાનનો સુક્ષ્મ અભ્યાસ રીને વિચાર્યું કે, 'મારા પત્ની માટે સાંભળવાનું કોઈ મશીન બનાવવું છે. જેથી એમની સાથે વાત કરવાની સરળ બને.' આ વિચારને તેમણે સંકેતની ભાષામાં માબેલ પાસે રજૂ કર્યો. ગ્રેહામ બેલને એક ધૂન સવાર થઈ અને તેઓ સાંભળવાના મશીનની શોધ કરવામાં જોડાઈ ગયા. રાત-દિવસ જોયા વગર પ્રયોગો કર્યા. ધૂન એટલી હદે હતી કે તેઓ જમવાનું પણ ભૂલી જતા અને આજે કઈ તારીખ કયો વાર છે તે પણ ભૂલાઈ જતું. આકરી મહેનતને અંતે એમને એક શોધ કરવામાં સફલતા મળી. એ મશીન સાંભળવાનું ન હતું પણ ટેલિફોન સંદેશાનું મશીન બની ગયું. આ શોધની પ્રશંસા કરતા તેમના પત્નીએ કહ્યું, 'જે રીતે તમે ટેલિફોનનો આવિષ્કાર કરી દીધો છે એ જ રીતે એક દિવસ સાંભળવાના મશીનનો આવિષ્કાર પણ થઈ જશે.' માબેલની વાત સાચી પડી. ટેલિફોન શોધાયાના પાંચેક વર્ષમાં જ બહેરા વ્યક્તિ માટે સાંભળવાના મશીનની શોધ થઈ ગઈ.

# શાળા ફીનો નિર્ણય આવકારદાયક છે

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સંક્રમણને કારણે સૌથી વધુ નુકશાન થયું હોય તો તે આપણી શિક્ષણ વ્યવસ્થાને. ધંધા રોજગાર તો બે-ચાર મહિના બંધ રહ્યા પછી ચાલુ થઈ ગયા છે અને શ્રમિકો ભૂખ્યા-તરસ્યા પગપાળા વતનની વાટે ચાલી નીકળ્યા હતા તે પણ પાછા ફરી રહ્યા છે. ઘણાને તો વિમાનયાત્રાનો લહાવો સાંપડ્યો છે. પરંતુ એકડિયાથી માંડી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના શિક્ષણને જે લકવો મારી ગયો છે એમાંથી તે કયારે ઉગરશે એ કહેવું મુશ્કેલ છે. પરીક્ષાઓનું તો દેવાળું જ નીકળી ગયું છે. ઓનલાઈન - ઓફલાઈનના વિકલ્પો રજૂ થતા રહે છે. પરીક્ષા લીધા વગર જ ઉપલા વર્ગોમાં ચડાવી દેવાની વાતો પણ થઈ. પરંતુ ડિગ્રીના અંતિમ વર્ષનું શું ? એટલા પૂરતી પણ પરીક્ષા લેવી તો પડે. જો કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તો એવું જોખમ પણ ઉઠાવવા નથી માગતા. નાનાં બાળકો મૂંઝાઈ ગયા છે. વરસ બગડશે શું, બગડી જ ચૂક્યું છે. સરકાર બારોબાર ઉપરના ધોરણમાં ચડાવી દેવાના હુકમો કરે એથી જે નથી શીખી શકાયું તે થોડું આવડી જશે ? ટૂંકમાં બાળખોનું શૈક્ષણિક સ્તર ગુજરાતમાં તો આમેય નીચું ગણાતું રહ્યું છે અને કોરોનાના પગલે શાળાઓ બંધ રહેતાં એ વધું નીચું ઊતરી જશે એમાં શંકાને સ્થાન નથી.

ખાનગી શાળાઓ માટે સંકટનો સમય છે. બાળકોને ભણાવ્યા વગર પણ ફી તો ઉઘરાવવી જ પડે નહીંતર શિક્ષકો અને ઓફિસ સ્ટાફનો પગાર કેવી રીતે ચૂકવવો ? સરકારે હાઈકોર્ટમાં થયેલ રીટ સંદર્ભે જયાં સુધી શાળાઓ બંધ રહી છે ત્યાં સુધી વિદ્યાર્થીઓ પાસેથી ફી નહીં લેવાનો આદેશ કર્યો છે. પરંતુ એથી વળી ખાનગી શાળા સંચાલકો ભુરાંટા થયા છે. એમણે જે રડ્યુંખડ્યું, આમ જુઓ તો કશાય મતલબ વગરનું 'ઓનલાઈન' શિક્ષણ આપવાનું ચાલુ કરેલ તે બંધ કરી દીધું છે. ઓનલાઈન શિક્ષણમાં ભલીવાર પણ શું આવે ? તજજ્ઞો તો સ્વીકારે છે કે શિક્ષકના સાનિધ્યમાં જ બાળકને ભણવાની મજા આવે. નાનાં બાળકોને 'ઓનલાઈન' શિક્ષણના રવાડે ચડાવવાં એ તો જુલમ જ ગણાય. શાળા સંચાલકો સરકાર સાથે સાંઠગાંઠ રચીને શિક્ષણને વેપારનું સ્વરુપ આપતા રહ્યા છે. હવે અત્યાર સુધી તગડી ફી ઉઘરાવી બંગલા-ગાડીઓના માલિક બનેલા આ વિદ્યાના વેપારીઓ વગર ભણાવ્યે બાળકોની ફી વસૂલવાનો આગ્રહ રાખે તેનો વિરોધ થાય તો એમાં નવાઈ શાની ? હાઈકોર્ટ જે નિર્ણય આપશે તે સરકાર માન્ય રાખશે, પરંતુ શું કમાઈ ગયેલા શેઠિયાઓએ થોડું જતું કરવાની તૈયારી ન રાખવી જોઈએ ? બાળકો શાળાએ આવતાં જ નથી, એમના વર્ગો લેવાતા નથી, ઈત્તરપ્રવૃત્તિઓ થતી નથી, ફી જમા કરાવો, નહીંતર 'એલસી' લઈ જાવ! ખાનગી શાળા સંચાલકોની આ જોહુકમી સામે વાલી રોષે ભરાયા છે. કોર્ટ પણ છેલ્લે તો બાળકોની તરફેણનો જ ચુકાદો આપશે. સરકારે આવો આદેશ સત્રની શરુઆતમાં જ બહાર પાડવો જોઈતો હતો. ઘણા વાલીઓ પ્રવેશ રદ થશે તો બાલખ રખડી પડશે એ બીકે જઈને ફી જમા કરાવી આવ્યા છે. સરકારે એવા બાળકોની ફી નવા સત્રમાં મજરે લેવાના આદેશ કર્યા છે. શાળા ખુલે નહિ ત્યાં સુધી ફી નહીં ઉઘરાવવાના હાઈકોર્ટ અને સરકારનો નિર્ણય આવકારદાયક છે.

# જેવી કરણી, તેવી ભરણી

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા



નિઃશબ્દ એકાન્ત હતું. અરણ્યમાં પવિત્ર શિવાલય હતું. શિવાલયનાં પ્રાંગણમાં શિવજી અને પાર્વતીએ ચોપાટ માંડી. પૂજારી બ્રાહ્મણ આવીને બેસી ગયો.

ચોપાટની એક પછી એક - એમ ચાર બાજી રમાણી. દરેક બાજી પૂરી થાય, એટલે દેવી બ્રાહ્મણને પૂછે - 'કોણ જીત્યું ?' બ્રાહ્મણ ધરાર ખોટું બોલે, 'મહાદેવજી !' ચારેય બાજી ખરેખર પાર્વતી જીત્યાં હતા. દેવીને રોષ થયો. એને શાપ આપ્યો. એના શરીરે કોઢ ફૂટી નીકળ્યો. દુઃખ થયું - પણ શું કરે ? સજા તો ભોગવવી પડે.

એ નીકળી ગયો. માર્ગમાં એને ચાર દુઃખિયારા મળ્યા, એણે એમના દુઃખ જાણ્યા.

(૧) ગાય - એનાં આંચળ દૂધથી ભરેલા જ રહે. ન ગોવાલ પાસે આવે, ન વાછરડું.

(૨) અશ્વ - પોતે જાતવાન અને તંદુરસ્ત. પરંતુ એની ઉપર કોઈ સવારી ન કરે.

(૩) આમ્રવૃક્ષ - પોતે કેરીથી ભરેલું. પણ કોઈ ફળ તોડવા ન આવે.

(૪) મગર - પોતે શીતળ જળમાં રહે. પરંતુ શરીરમાં દાહ ખૂબ રહે.

બ્રાહ્મણ આગળ વધ્યો. એક ઘટાદાર વૃક્ષ હતું. એની છાયામાં એ બેસી ગયો. તપશ્ચર્યા શરૂ કરી. તપ એકદમ ઉગ્ર થયું. એટલે મહાદેવજી પ્રસન્ન થયા. પ્રગટ થયા. વરદાન માગવા કહ્યું. બ્રાહ્મણે પ્રણામ



સાથે વિનંતી કરી. 'મારો કોઢ મટાડી દો, પ્રભુ!'

શિવજીએ ઉપાય બતાવ્યો, 'હવે શ્રાવણ માસનો પહેલો સોમવાર આવશે. તું એકટાણાં શરૂ કર. એવા સોળ સોમવાર કર. છેલ્લા સોમવાર સાથે ઊજવણું કરવાનું. તે દિવસે લાડુ બનાવવાના. તેના ચાર ભાગ કરવા. એની વ્યવસ્થા આ રીતે કરવી.'

(૧) એક ભાગ શિવમંદિરના પૂજારીનો આપો.

(૨) બીજો ભાગ શેરીમાં રમતાં અજાણ્યાં બાળકોને આપવો.

(૩) ત્રીજો ભાગ ગાયો માટે ગોવાળને આપવો.

(૪) ચોથો ભાગ હોય, તેનો ભૂકો કરવો. એનાથી કિડિયારું પૂરવું.

બ્રાહ્મણે પ્રણામ સાથે, આદેશ માથે ચડાવ્યો. પછી એણે ચાર દુઃખિયારા માટેના ઉપાય પૂછ્યો. મહાદેવજીએ દુઃખનાં કારણો અને એના ઉપાયો કહ્યા :

(૧) ગાય - પૂર્વજન્મમાં ક્રોધી સ્ત્રી હતી. ગુસ્સો ચડે, તો સ્તનપાન કરી રહેલા બાળકને ખોળામાં ધક્કો મારી દે. હવે તારે એનાં આંચળમાંથી દૂધ લેવું. એનાથી શિવલિંગ પર અભિષેખ કરી લેવો.

(૨) પૂર્વ જન્મમાં વેપારી વણિક હતો. ગ્રાહકને છેતરતો. વ્યાજખાઉ હતો. તારે માત્ર એકવાર એના ઉપર સવારી કરવી.

(૩) આમ્રવૃક્ષ - પૂર્વજન્મમાં એ ધનાઢ્ય પુરુષ હતો, પરંતુ કોઈને રાતી પાઈ પણ દાનમાં ન આપે. ભારે કંજૂસ. હવે તારે એની પાસે જવું. એના મૂળ પાસે ખોદીશ, તો ચરૂ નીકળશે એ તમામ સંપત્તિ તારે દાનમાં અને બીજા સત્કાર્યોમાં વાપરી નાખવી.

(૪) મગર - પૂર્વજન્મમાં એ પોતે વિદ્વાન પંડિત હતો, પરંતુ કોઈને પણ વિદ્યાનું દાન કરતો ન હતો. હવે તારે શિવલિંગ પર ચડાવેલું બિલ્વપત્ર લેવું અને મગરની આંખે અડાડવું.

બ્રાહ્મણે આભારવશ સાષ્ટાંગ દંડવત્ પ્રણાણ કર્યા. મહાદેવ અંતર્ધાન થઈ ગયા. પરંતુ એમને આદેશ આપ્યો - એ મુજબ ઉપાયો કર્યા. તેનાથી બ્રાહ્મણ અને બીજા ચાર દુઃખિયારા જીવોનાં દુઃખો દૂર થઈ ગયા. એમની સમસ્યાઓ શમી ગઈ.

આ કથા કરતાં, એનો નૈતિક બોધ વધુ મહત્ત્વનો છે.

# ઓકટોબર માસના પ્રથમ સપ્તાહમાં શાની ઊજવણી થાય છે?

**ખજાનો**

અનિલ પટેલ



### પર્યાવરણ

૧ ઓકટોબર માસના પ્રથમ સપ્તાહમાં શાની ઊજવણી થાય છે ?
(અ) વન્યજીવ સંરક્ષણ (બ) ઉર્જા સંરક્ષણ
(ક) ભૂ-સંરક્ષણ (ડ) જળ સંરક્ષણ

૨ વિશ્વ પર્યાવરણ દિવસ કયારે મનાવવામાં આવે છે?
(અ) ૨૨ એપ્રિલ (બ) ૫ જૂન
(ક) ૧૧ જુલાઈ (ડ) ૧૨ ઓગસ્ટ

૩ જાણીતા પર્યાવરણશાસ્ત્રી અન્સર્ટ હીંકલ એ નીચેનામાંથી કયો શબ્દ આપ્યો ?
(અ) જીઓલોજી (બ) સિસ્મોલોજી
(ક) બેકટેરીયોલોજી (ડ) ઈકોલોજી

૪ વૃક્ષોને બચાવવા માટે શરૂ થયેલું ચિપકો આંદોલન કયા વૃક્ષથી શરૂ કરવામાં આવ્યું હતું?
(અ) ખીજડો (બ) મહુડો
(ક) લીંમડો (ડ) આંબો

૫ ભારતમાં વનમહોત્સવનો પ્રારંભ કયારથી થયો ?
(અ) ઈ.સ. ૧૯૪૭ (બ) ઈ.સ. ૧૯૫૦
(ક) ઈ.સ. ૧૯૫૫ (ડ) ઈ.સ. ૧૯૬૦

૬ ભારતના કયા પ્રાચીન સમ્રાટે પર્યાવરણ સુરક્ષાને મહત્ત્વ આપ્યું હતું ?
(અ) અશોક (બ) હર્ષ
(ક) પુલકેશ (ડ) સમુદ્રગુપ્ત

૭ ભારતીય વન્ય પ્રાણી સંસ્થાન કયાં આવેલી છે ?
(અ) ભરતપુર (બ) કોલકાત્તા
(ક) સિમલા (ડ) દહેરાદૂન

૮ પૃથ્વીના કેટલા વિસ્તારમાં ઘાસના મેદાનો આવેલા છે?
(અ) ૩૩ ટકા (બ) ૩૦ ટકા
(ક) ૨૪ ટકા (ડ) ૨૦ ટકા

૯ રાષ્ટ્રી મરુ ઉદ્યાન કયા રાજયમાં આવેલા છે ?
(અ) ગુજરાત (બ) રાજસ્થાન
(ક) હરિયાણા (ડ) પંજાબ

૧૦ ઓઝોન વાયુની સાંદ્રતા માપવા માટે કયો એકમ વપરાય છે ?
(અ) પીએચ (બ) ડેસીબલ
(ક) ડોબસન (ડ) ડેન્સીટી

૧૧ અલ-નિનો શું છે ?
(અ) વાવાઝોડાનો પ્રકાર (બ) સમુદ્રના ઠંડા પ્રવાહ
(ક) વાતાવરણમાં બદલાવ (ડ) સમુદ્રનો ગરમ પ્રવાહ

૧૨ દુનિયામાં સૌ પ્રથમ કાર્બન ટેક્સ લાદનાર દેશ કયો છે ?
(અ) ફિનલેન્ડ (બ) નેધરલેન્ડ
(ક) હોલેન્ડ (ડ) આયર્લેન્ડ

૧૩ કાવેરી જળવિવાદ કયાં બે રાજયો વચ્ચે છે ?
(અ) મહારાષ્ટ્ર-કર્ણાટક (બ) કર્ણાટક-તમિલનાડુ
(ક) તમિલનાડુ - કેરાલા (ડ) કર્ણાટક - મધ્યપ્રદેશ

૧૪ ભારતીય હાથી કયા રાજયનું રાજય પ્રાણી છે ?
(અ) તમિલનાડુ (બ) કેરાલા
(ક) આંધ્ર (ડ) કર્ણાટકા

૧૫ ઓઝોન દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૧૧ જુલાઈ (બ) ૧૬ ડિસેમ્બર
(ક) ૩ ઓકટોબર (ડ) ૧૪ ડિસેમ્બર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૪ જુલાઈ :**
  - ડૉકટર ઓફ 'ડિવીનીટી'ની જેમને પદવી મળી હતી તેવા અનાથોની સેવા કરનાર, ગુજરાત કૉલેજના પૂર્વ આચાર્ય ડૉ. જયોર્જ વિલ્સનનું નિધન (૧૯૫૯)
  - જાણીતા ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીનો જન્મદિવસ (૧૯૪૫)
  - એસ. વિજયાલક્ષ્મી ચેસમાં પ્રથમ ગ્રાન્ડ માસ્ટર બન્યો (૨૦૦૦)
  - ફ્રાન્સના એલેકઝાન્ડર ડ્યુમાની જન્મજયંતિ (૧૮૦૨)
- **૨૫ જુલાઈ :**
  - વિશ્વની પ્રથમ ટેસ્ટટ્યુબ બેબી લુઈસ બ્રાઉનનો જન્મદિવસ (૧૯૭૮)
  - દેનાબેન્કના પ્રણેતા પ્રાણલાલ દેવકરણ નાનજીનું નિધન (૧૯૫૬)
  - વન્યજીવ સંરક્ષક જિમ કાર્બેટનો જન્મદિવસ (૧૮૭૫)
- **૨૬ જુલાઈ : કારગીલ વિજય દિવસ**
  - મુંબઈમાં એક જ દિવસમાં ૩૬ ઈંચ વરસાદથી પુરની સ્થિતિ સરજાઈ (૨૦૦૮)
  - સાહિત્યકાર મનુભાઈ ત્રિવેદી 'સરોદ'ની જન્મજયંતિ (૧૯૧૪)
  - પ્રખર અને પ્રકાંડ નાટ્યકાર જયોર્જ બર્નાડ શોનો જન્મદિવસ (૧૮૫૬)
- **૨૭ જુન :**
  - જશપાલ રાણાએ વિશ્વ શુટીંગ ચેમ્પિયનશીપ જીતી (૨૦૧૦)
  - ક્રિકેટમાં ચિત્તાં કરતાં પણ ઝડપી ચપળ ફિલ્ડર જોન્ટી રોડ્ઝનો જન્મદિવસ (૧૯૬૯)
  - ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન એલન બોર્ડરનો જન્મદિવસ
  - ફિલ્મ કલાકારા રાહુલ બોઝનો જન્મદિવસ (૧૯૬૭)
- **૨૮ જુલાઈ : વન મહોત્સવ દિવસ**
  - કે.કા. શાસ્ત્રીની જન્મજયંતિ (૧૯૦૫)
  - ચૌધરી ચરણસિંહ વડાપ્રધાન બન્યા (૧૯૭૯)
  - સાહિત્યકાર અનિલ જોષીનો જન્મદિવસ (૧૯૪૦)
  - અખબારી સ્વાતંત્ર્યનો ખરા અર્થમાં ધર્મ સમજાવનાર પીટર ઝંગનું નિધન (૧૭૪૬)
- **૨૯ જુલાઈ : ઈન્ટરનેશનલ ટાઈગર ડે**
  - મોસ્કો ઓલ્પિમ્પિકમાં ભારતે હોકીમાં સુવર્ણચંદ્રક મેળવ્યો.
  - ભારતે ચાલક રહિત મીની વિમાન બનાવ્યું (૧૯૮૩)
  - ગુલામોના મુક્તિદાતા વિલિયમ વિલ્બરફોર્સનું નિધન (૧૮૩૩)
  - તાતા ઉદ્યોગના તારક જહાંગીર રતનજી દાદાભાઈ તાતાનો જન્મદિવસ (૧૯૦૪)
- **૩૦ જુલાઈ :**
  - બેલ્જિયમમાં રંગભેદ વિરોધી કાયદો બન્યો (૧૯૮૧)
  - ઉપેન્દ્ર રાય જ. સાંડેસરાની જન્મજયંતિ (૧૯૨૧)
  - ઈંગ્લેન્ડમાં શિલ્પકલાની નવી કેડી કંડારનાર હેન્રી મૂરનો જન્મદિવસ (૧૮૯૨)
  - ૧૪૦ કિ.મી. ઝડપે દોડે તેવી ૮૦ હોર્સપાવરની કાર બનાવનાર (૧૮૬૩)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયેરક્ટર કોણ છે?**

**જવાબ : ટેડ્રોસ એધનોમ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ એમ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**હાલમાં આકાશમાં વાયવ્ય દિશામાં કયો ધૂમકેતુ (પૂંછડીયો તારો) જોવા મળે છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'ચાંદો-સૂરજ રમતા'તા : ગયા જમાનાનું આ ગીત ને આવનારાં વર્ષોનું ગીત

**હળવે હૈયે**

પ્રકાશ લાલા



નાનો હતો ત્યારે દાદીમાં એક ગીત ગવડાવતાં - હું ગાતો :

'ચાંદો - સૂરજ રમતા'તા,
રમતાં-રમતાં કોડી જડી,
કોડી મેં ગાયને આપી,
ગાયે મને દૂધ આપ્યું,
દૂધ મેં મોરને પાયું
મોરે મને પીછું આપ્યું,
પીંછું મેં ભગવાનને આપ્યું,
એમણે મને ભાઈ આપ્યો...
એમ ગીત આગળ ચાલતું....

આવનારાં વર્ષોમાં ઓઆવું ગીત ગવાશે ?

'ચીન-અમેરિકા લડતા'તા
ચીને લડતાં લડતાં જગતને કોરોના આપ્યો,
કોરોનાએ સૌને 'લોકડાઉન' આપ્યું,
'લોકડાઉન' એ સૌને ઘરમાં રાખ્યા
શરુઆતમાં સૌને સારું લાગ્યું !
ગૃહિણીઓએ પુરુષોને કામે લગાડ્યા
પુરુષોને એ વસમું લાગ્યું,
'લોકડાઉન'એ 'વર્ક, ફોમ હોમ' આપ્યું...'
ને છેવટે કહેવાય કે
'કોરોનાએ સૌને - ભારે પરેશાની આપી!!'

● ● ●

'તને કોગળિયું થાય...'

૪૦-૪૫ વર્ષ પહેલાં, ગામડામાં ઘૈડિયાઓને - ઘરમાં દાદીને કે કોઈને ગુસ્સાથી કોકને આવી ગાલ દેતાં સાંભળ્યા હશે જ. 'તને કોગળિયું થાય...!'

સદી - સવા સદી પૂર્વે દેશમાં 'કોગળિયું' કહેતા 'કોલેરા' ફાટી નીકળ્યો હતો. આ રોગચાળાએ સેંકડો જિંદગીનો ભોગ લીધેલો ને પ્રજા ત્રાસી ગઈ હતી. એ કપરો કાળ વીત્યા પછી 'કોગળિયા' -નો પ્રયોગ કોઈના ઉપર ગુસ્સો કાઢવા આ રીતે થવા લાગેલો...

આ યાદ આપવાનું છે કે આવનારાં વર્ષોમાં કારણ કોરોનાથી ડરેલા - ત્રાસેલા લોકો કોઈના પર ગુસ્સો ઠાલવવા એને 'તને કોરોના થાય... તને લોકડાઉન નડે... તારું માસ્ક ફાટી જાય... તારું સેનેટાઈઝર ઢોળાઈ જાય...' કહેશે ખરાં ?કહેશે જ કેમ જે કોરોનાએ જ તો આપણને વગર ગુનાએ 'કેદ' ની સજા ફરમાવી હતી ને ? (ને હજીય સ્ટે હોમ, સ્ટે સેઈફ છે જ ને!)

'કોરોના'ની ફૂલસિઝનના પરિણામે તો લગ્ન સિઝન મંદીમાં રહી... અને 'ઓવર ટાઈમ' કરનારા ગોર બાપાઓને ટાઈમ જ ટાઈમ રહ્યો... ને હવે તો છેક દેવ ઉઠી અગિયારસ પછી મેરેજ સિઝન ખુલે તો 'મહારાજો'ના વક્ર થયેલા ગ્રહો સુધરે !!

ફોટોગ્રાફર્સ ને વીડિયોગ્રાફર્સની 'લાઈટ્સ ઓફ' છે.... એમની આંખો ને પાંખો (હાથ-પગ-વાહનો સ્તો) ને આરામ છે. (જો કે આવો આરામ કોઈનેય ના પોષાય.... ને કોઈને ના મળે એમ ઈચ્છીએ છીએ) મંડપ - ડેકોરેટર્સના ધંધાના આવા જ માઠા હાલ છે... (જો કે કોઈ કોઈ ડેકોરેટર્સને હોમ થિયેટરમાં ફિલ્મ જોવાની નવરાશ પ્રાપ્ત થઈ છે એ સારું છે...)

જો કે સેલેરાઈઝડ પર્સન્સ.... ખાસ તો સરકારી કર્મચારીઓ ઉપર ઈશની મહેર છે. ને હા, ડૉકટર્સ, હોસ્પિટલ્સ, જીવન જરૂરી ચીજવસ્તુઓ જેવી કે મેડિસીન્સ, દૂધ-દહીં-કરિયાણું - શાકભાજીમાં ઘરાકી છે. બાકી બધું તો કાં ઠપ્પ, કાં 'ઓક્સિજન' ઉપર જીવે છે.

આ તો જરા ગંભીર પરિસ્થિતિને હળવી કરવાની વાત છે... બાકી તો કોરોનાએ કાળો કેર કર્યો છે. એ કઠોર વાસ્તવિકતા છે !!

'લોકડાઉન'ના કારણે સૌને પરિવારનું - પરિવારનો સમય ફાળવવાનું મહત્વ સમજાયું. પરિવાર સાથે આનંદ લેતાં શીખવ્યું... કેટલી બધી વસ્તુઓ - બાબતો વગર પણ આપણે જીવી શકીએ છીએ એટલે ખોટી હાયવોય - દોડધામ - ટેન્શન કરતા હતા તે ય સમજાવ્યું... આપણે 'ઈચ્છા' અને 'આવશ્યકતા' વચ્ચેનો ભેદ સમજાવી દીધો. તે એક રીતે 'કાળમુખા' કોરોનાનો પ્લસ પોઈન્ટ કહેવાય?